# COVID-19 વૈશ્વિક મહામારી દરમિયાન બ્રેમ્પટનમાં વર્ષ 2021 ની રજાઓનો સમય

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 14, 2021) – આગામી રજાઓના સમય દરમિયાન, સીટી હૉલ સહિતની, ઘણી સીટી ઓફ બ્રેમ્પટન ઓફિસો, શુક્રવાર, ડિસેમ્બર 24, 2021 નાં રોજ બપોરે 12 વાગ્યાથી મંગળવાર, જાન્યુઆરી 4, 2022 નાં રોજ સવારે 8:30 વાગ્યા સુધી જાહેર જનતા માટે બંધ રહેશે.

અગ્નિશમન અને કટોકટી સેવાઓ, ટ્રાફિક સેવાઓ, કાયદાકીય અમલ બજવણી, રોડ ઓપરેશન્સ અને સુરક્ષા સેવાઓ સહિતની બધી નિર્ણાયક સેવાઓનું સંચાલન સમુદાયને ટેકો આપવા રાબેતા મુજબ ચાલુ રહેશે.

રહેવાસીઓ કોઇ પૂછપરછો અથવા સર્વિસ વિનંતીઓ કરવા 311 અથવા 905.874.2000 (જો બ્રેમ્પટન બહાર હો) નંબર પર ફોન કૉલ કરી શકે છે, Brampton 311 ઍપનો ઉપયોગ કરી શકે છે (App Store અથવા Google Play પર ઉપલબ્ધ), વેબસાઇટ www.311brampton.ca જોઇ શકે છે અથવા ઈમેઇલ સરનામું 311@brampton.ca પર ઈમેઇલ મોકલી શકે છે. ટીમ COVID-19 સંબંધિત પૂછપરછો સહિત, સીટી ઓફ બ્રેમ્પટન કે રીજીયન ઓફ પીલને સંબંધિત કોઈપણ બાબતો માટે 24/7 ઉપલબ્ધ રહે છે. વધુ માહિતી મેળવવા વેબસાઇટ www.brampton.ca/COVID19 જુઓ.

## બ્રેમ્પટનમાં ન્યૂ ઈયર્સ ઈવ

વર્ષ 2022 માં પ્રવેશ કરવાનું કાઉન્ટડાઉન શરૂ થયું છે અને ઉજવણી કરવા માટે ડાઉનટાઉન બ્રેમ્પટનથી વધારે સારું સ્થળ કોઇ નથી! ગાર્ડન સ્ક્વૅરમાં Juno (જુનો) ઍવૉર્ડ-વિજેતા સૅમ રોબર્ટ્સ (Sam Roberts) બેન્ડ, સ્થાનિક બ્રેમ્પટન કલાકાર અમીરાહ (Ameerah) અને ખાસ મહેમાન અયસાનાબી (Aysanabee) તરફથી રૂબરૂમાં લાઇવ પરફોર્મન્સીસ (જીવંત પ્રસારણ) રાત્રે 9 વાગ્યાથી શરૂ થનારા ન્યૂ ઈયર કાર્યક્રમોમાં પ્રવેશ મેળવો. મધરાત્રીએ પહોંચવાની સાથે, કાલ્સી લૉ (Kalsi Law) દ્વારા પ્રસ્તુત 10-મિનિટની ભપકાદાર આતશબાજી પ્રદર્શનનો આનંદ માણો. આયોજનની વિગતો અને રોડ બંધ હોવા અંગેની માહિતી, પાર્કિંગ અને બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સાથે તમારા પ્રવાસના આયોજન માટે વેબસાઇટ brampton.ca/newyearseve જુઓ. સીટીના ઉદાર આયોજન પ્રાયોજક ટિમ હોર્ટોન્સ (Tim Hortons) નો આભાર.

ડાઉનટાઉન તરફ વહેલું પ્રયાણ કરો અને બ્રેમ્પટનની અદભુત રેસ્ટોરન્ટ્સમાંની એકમાં ડિનર સાથે રાતનો સમય બહાર આનંદથી માણો જેમાં આ આયોજન માટે ત્રણ ઔપચારિક ફૂડ પાર્ટનર્સ સામેલ છે:

- ધી વર્ક્સ ક્રાફ્ટ બર્ગર્સ ઍન્ડ બીયર: 8 ક્વીન સ્ટ્રીટ ઈસ્ટ
- પિઝાનીની (Pizzanini): 18 મેઈન સ્ટ્રીટ સાઉથ
- રા-પિઝા (RaPizza): 6 જ્યોર્જ સ્ટ્રીટ સાઉથ યુનિટ 2

બ્રેમ્પટન ફૂડ ગાઇડમાંથી પસંદગીની રેસ્ટોરન્ટ્સમાંથી અજોડ ડીલ્સ અને છૂટ મેળવવા નવો શરૂ કરેલો ફૂડ ગાઇડ પાસ પણ ડાઉનલોડ કરો.

**મેયર્સ ન્યૂ ઈયર્સ લૅવી**

સીટી હૉલ ફ્રન્ટ સ્ટેપ્સ
શનિવાર, જાન્યુઆરી 1, 2022 નાં રોજ બપોરે 12 થી 2 વાગ્યા સુધી

વર્ષ 2022 ની શરૂઆત મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown) અને કાઉન્સિલર્સ સાથે કરો. સીટી હૉલના ફ્રન્ટ સ્ટેપ્સ (આગળના ભાગના પગથિયા) પર કરીને આગામી વર્ષ માટે શુભેચ્છાઓ અને શુભકામનાઓની આપલે કરવા કાઉન્સિલના સભ્યો સાથે જોડાઇ જાવ. મીટ ઍન્ડ ગ્રીટ (મળીને શુભેચ્છાઓ પાઠવ્યા) પછી બપોરે 2-4 વાગ્યા સુધી ગૅજ પાર્કમાં કમ્યુનિટી સ્કૅટ યોજાશે.

મેયર્સ ન્યૂ ઈયર્સ લૅવી પર વધુ માહિતી મેળવવા, સીટીનું ઈવેન્ટ્સ કેલેન્ડર વેબસાઇટ પર જુઓ, brampton.ca/events

**આતશબાજી**

ન્યૂ ઈયર્સ ઈવ વર્ષમાં ચાર મંજૂર કરેલા દિવસોમાંથી એક છે જ્યારે ટૂંકા-અંતરના ફટાકડાઓની ખાનગી મિલકત માટે છૂટ આપવામાં આવે છે, જેમાં તેઓને પરમીટ લેવાની જરૂર પડતી નથી. ટૂંકા-અંતરના ફટાકડાઓ એ છે જે ત્રણ મીટર (10 ફૂટ) કરતા ઓછું અંતર કાપતા હોય જ્યારે તે ફોડવામાં આવે (દા.ત. ફાઉન્ટેઇન્સ, વ્હીલ્સ, ગ્રાઉન્ડ સ્પિનર્સ, સ્પાર્કલર્સ). બ્રેમ્પટનમાં રૉકેટ જેવા અન્ય બધાં ફટાકડાં ફોડવાની મનાઇ છે. આ શહેર રહેવાસીઓને યાદ અપાવે છે કે ફટાકડાં સ્ટ્રીટ, સાઇડવૉક્સ પર, શહેરના પાર્ક્સ કે મ્યુનિસિપલ અથવા સ્કૂલ મિલકતોમાં ફોડવાની છૂટ આપવામાં આવતી નથી. વધુ માહિતી મેળવવા વેબસાઇટ જુઓ, www.brampton.ca.

તમારી મિલકતમાં ટૂંકા-અંતરના ફટાકડાં ઉપયોગમાં લેતી વખતે, તમારે આ સુરક્ષા સાવચેતીઓ અચૂક અનુસરવી રહી:
- તમારી પાસે ફટાકડાં હોલવવા પાણી ભરેલું પાત્ર અથવા પાણી ભરેલી હોઝ લાઇન અચૂક ઉપલબ્ધ હોવી રહી
- તમારે સ્પાર્કલર સિવાય તમારા હાથમાં ફટાકડાં અચૂક ક્યારેય ફોડવા કે પકડી રાખવા નહીં
- સ્પાર્કલર્સનો ઉપયોગ કર્યા પછી, તેનો નિકાલ કરતા પહેલાં તેને પૂરેપૂરા ઠંડા પાડવા પાણીના પાત્રમાં રાખો
- બધાં ફટાકડાનો નિકાલ કરતા પહેલાં પૂરેપૂરા ઠંડા થવા દો

**બ્રેમ્પટન ટ્રાન્ઝિટ**

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ ડિસેમ્બર 20 થી જાન્યુઆરી 2 સુધી હોલિડે સર્વિસ પર ચાલુ રહેશે. સ્કૂલ સ્પેશિયલ્સ અને રદ કરેલી એક્સ્ટ્રાસ (વધારાની સેવા) સાથે ઘટાડેલી વીકડેઝ (સોમથી શુક્ર) સેવા અમલમાં રહેશે. ડિસેમ્બર 25, 26 અને જાન્યુઆરી 1 નાં રોજ, રવિવાર/રજાના દિવસોની સર્વિસ પ્રભાવિત થશે. નિયમિત સેવા સોમવાર, જાન્યુઆરી 3, 2022 નાં રોજ ફરીથી શરૂ થશે.

બ્રેમ્પટન ટ્રાન્ઝિટની સેવાઓ રજાઓના દિવસોમાં નીચેના સમયપત્રક પ્રમાણે ચાલુ રહેશે:

- સોમવાર, ડિસેમ્બર 20, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- મંગળવાર, ડિસેમ્બર 21, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- બુધવાર, ડિસેમ્બર 22, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- ગુરુવાર, ડિસેમ્બર 23, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- શુક્રવાર, ડિસેમ્બર 24, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- શનિવાર, ડિસેમ્બર 25, 2021: રવિવાર/રજાના દિવસની સેવા
- રવિવાર, ડિસેમ્બર 26, 2021: રવિવાર/રજાના દિવસની સેવા

- સોમવાર, ડિસેમ્બર 27, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- મંગળવાર, ડિસેમ્બર 28, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- બુધવાર, ડિસેમ્બર 29, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- ગુરુવાર, ડિસેમ્બર 30, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- શુક્રવાર, ડિસેમ્બર 31, 2021: અઠવાડિક કામકાજના દિવસોમાં ઘટાડેલી સેવા
- શનિવાર, જાન્યુઆરી 1, 2022: રવિવાર/રજાના દિવસની સેવા
- રવિવાર, જાન્યુઆરી 2, 2022: રવિવાર/રજાના દિવસની સેવા

વધારે સારી સફાઇ અને સ્વચ્છતા (સેનિટાઇઝિંગ) સમયપત્રક અમલમાં રહે છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટનું લક્ષ્ય દર 48 કલાકે બધી સખત સપાટીઓ, ઓપરેટર કમ્પાર્ટમેન્ટ્સ અને બેઠકોને ચેપરહિત કરવાનું છે. હાલમાં મોટા ભાગની બસોને દર 24 કલાકે સેનિટાઇઝ કરવામાં આવે છે. સખત સપાટીઓ ધરાવતી સગવડો અને ટર્મિનલ્સને રોજિંદા ધોરણે સાફ અને સેનિટાઇઝ કરવામાં આવે છે.

સીટી ઉતારુઓને માસ્ક પહેર્યો હોય તો પણ ટર્મિનલ્સ અને બસ સ્ટોપ્સ પર વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવાનું ચાલુ રાખવાની વિનંતી કરે છે. ઉતારુઓને પ્રવાસ કરતી વખતે, પોતાના અંગત ડિસઇન્ફેક્ટન્ટ (ચેપનાશક પદાર્થ), જેમ કે હેન્ડ સેનિટાઇઝર કે વાઇપ્સ સાથે રાખવાનું, પોતાના હાથ વારંવાર ધોવાનું અને પોતાની કોણીમાં ખાંસી કરવાનું કે છીંકવાનું પણ યાદ અપાવવામાં આવે છે. જો તમે બીમાર હો તો, કૃપા કરી ટ્રાન્ઝિટમાં સવારી કરવાનું ટાળો, સૌથી નજીકની COVID-19 એસેસમેન્ટ સાઇટ પર પરીક્ષણ કરાવો અને જાહેર આરોગ્ય સૂચનો અનુસરો.

પીલ પબ્લિક હેલ્થના માર્ગદર્શન પ્રમાણે, ઉતારુઓને યાદ અપાવવામાં આવે છે કે બસોમાં અને ટર્મિનલ્સ પર તમારું નાક, મોઢું અને દાઢી ઢાંકતા નોન-મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય બને છે. સીટી ઓફ બ્રેમ્પટન જોખમો પર દેખરેખ ચાલુ રાખવા પીલ પબ્લિક હેલ્થ અને બ્રેમ્પટન ઇમરજન્સી મેનેજમેન્ટ ઓફિસમાં પોતાના ભાગીદારો સાથે ઘનિષ્ઠપણે કામ કરી રહ્યું છે.

અદ્યતન માહિતી નિયમિત મેળવવા વેબસાઇટ www.brampton.ca/COVID19 અને www.bramptontransit.com જોતા રહો અથવા સર્વિસ અપડેટ્સ માટે Twitter પર @bramptontransit ને અનુસરો. કોઇ પ્રશ્નો સીધા બ્રેમ્પટન ટ્રાન્ઝિટના સંપર્ક કેન્દ્રને 905.874.2999 નંબર પર પૂછી શકાય છે.

**બ્રેમ્પટન રિક્રિએશન**

બ્રેમ્પટન રિક્રિએશન સેન્ટરમાં રજાઓમાં સંચાલનના કલાકો વેબસાઇટ પર જોઇ શકાય છે, www.brampton.ca/holidayhours. અમારા મનોરંજન કાર્યક્રમો અને સેવાઓ પર વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/recreation.

આઉટડોર સવલતો
આઉટડોર સ્કેટિંગ રિંક્સ સમગ્ર હોલિડે સીઝન દરમિયાન ચાલુ રહેશે જો હવામાન અનુકૂળ રહે. સંચાલનના કલાકો અને સંપૂર્ણ વિગતો વેબસાઇટ www.brampton.ca/outdoorskating પર જોઈ શકાય છે.

માઉન્ટ ચિંગકુસી આપણાં શહેરમાં સ્કીઇંગ, સ્નોબોર્ડિંગ અને ટ્યુબિંગ માટેનું સ્થળ છે જે ચિંગકુસી પાર્કમાં સ્થિત છે. માઉન્ટ ચિંગકુસી ડિસેમ્બર 27 થી ખુલવા માટે નિર્ધારિત છે, જો હવામાન અને હિમવર્ષાની સ્થિતિઓ અનુકૂળ રહે. સંચાલનના કલાકો, ખુલ્લું કે બંધ હોવાનું સ્ટેટસ, અને નોંધણી વિગતો સહિતની, બધી માહિતી માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/MountChinguacousy.

વેબસાઇટ www.brampton.ca/winterwonderland જોઇને વધારે શિયાળુ મોજમજા કરવાની તકો અને ચાલુ સગવડ સ્થિતિની અદ્યતન માહિતી મેળવો!

ફૂડ ઍન્ડ ટોય ડ્રાઇવ
ડિસેમ્બર 1 થી 15 સુધી, રિક્રિએશન સેન્ટર અને લાઇબ્રેરીસ સહિત, બ્રેમ્પટનમાં વિવિધ સ્થળોએ બગડી ન શકતા ખાદ્ય પદાર્થો અને નવા, વીંટાળેલા રમકડાનું દાન કરો. બધું દાન આપણાં સમુદાયમાં જરૂરિયાતમંદ કુટુંબોને વહેંચવામાં આવશે. ડ્રોપ-ઑફ સ્થળો અને સૌથી જરૂરી વસ્તુઓની યાદી માટે અહીં ક્લિક કરો.

રજાઓમાં પ્રવૃત્તિ સંબંધિત કિટ્સ
સીટી ઑફ બ્રેમ્પટને પૂરી પાડેલી મફત એક્ટિવિટી કિટ્સ વડે રજાઓમાં મજા માણો. એક્ટિવિટી કિટ્સ સ્વ-માર્ગદર્શનવાળી છે અને તેમાં બાળકો માટે તમારી જાતે ઘરેણાં બનાવવા અને પાઇપ ક્લીનર સ્નોફ્લેક્સ સહિતનો આનંદ માણવા હોલિડે વિષયને ધ્યાનમાં લઇને પ્રવૃત્તિઓ સમાવેલી છે. એક્ટિવિટી કિટ્સ સોમવાર, ડિસેમ્બર 20, 2021 નાં રોજ બપોરે 4 થી સાંજે 8 વાગ્યા સુધી કાસી કૅમ્પબૅલ, સેન્ચુરી ગાર્ડન્સ, અને ગૉર મીડોસમાં કર્બસાઇડ પિકઅપ માટે ઉપલબ્ધ થશે, વિતરણ માટે જથ્થો ઉપલબ્ધ હોય ત્યાં સુધી. વિગતો માટે અહીં ક્લિક કરો.

શિયાળુ કાર્યક્રમ નોંધણી
બ્રેમ્પટન રિક્રિએશનના શિયાળુ ઋતુલક્ષી કાર્યક્રમો માટેની નોંધણી હવે ખુલ્લી છે. કાર્યક્રમો ઓનલાઇન જોવા અને નોંધણી કરવા વેબસાઇટ પર ઉપલબ્ધ છે, www.brampton.ca/registerforprograms. શિયાળુ નોંધાયેલા કાર્યક્રમો જાન્યુઆરી 3, 2022 નાં રોજ શરૂ થશે.

**બ્રેમ્પટન લાઇબ્રેરી**

બ્રેમ્પટન લાઇબ્રેરીની બધી શાખાઓ બંધ રહેશે.
- શુક્રવાર, ડિસેમ્બર 24, 2021
- શનિવાર, ડિસેમ્બર 25, 2021
- રવિવાર, ડિસેમ્બર 26, 2021
- શુક્રવાર, ડિસેમ્બર 31, 2021
- શનિવાર, જાન્યુઆરી 1, 2022

બ્રેમ્પટન લાઇબ્રેરીની વેબસાઇટ કોઇપણ સમયે જોઇને ઓનલાઇન બોરોઇંગ અને ઇ-બુક્સ, ઇ-ઓડિયોબુક્સ, ટીવી અને મુવી સ્ટ્રીમિંગ, ઓનલાઇન શિક્ષણ, આર્ટ્સ અને ક્રાફ્ટ્સ શિક્ષણ, અને ઘણી સવલતો સુધી પહોંચ મેળવો. બ્રેમ્પટન લાઇબ્રેરીની ઇમેઇલ અપડેટ્સ અને ન્યૂઝલેટર્સ સબસ્ક્રાઇબ કરો અને અમને Facebook, Twitter, Instagram, LinkedIn અને YouTube પર અનુસરો. વધુ વિગતો માટે, કૃપા કરી બ્રેમ્પટન લાઇબ્રેરીની વેબસાઇટ જુઓ.

**બ્રેમ્પટન એનિમલ સર્વિસીસ**

બ્રેમ્પટન એનિમલ શેલ્ટર નીચેના સમયપત્રકો પ્રમાણે ચાલશે:

- શુક્રવાર, ડિસેમ્બર 24, 2021 – બપોર પછી બંધ
- શનિવાર, ડિસેમ્બર 25, 2021 - બંધ
- રવિવાર, ડિસેમ્બર 26, 2021 – બંધ
- સોમવાર, ડિસેમ્બર 27, 2021 – બંધ
- મંગળવાર, ડિસેમ્બર 28, 2021 – સવારે 10 થી બપોરે 12 વાગ્યા સુધી માત્ર પ્રાણીઓ સંબંધિત દાવા માટે
- બુધવાર, ડિસેમ્બર 29, 2021 – સવારે 10 થી બપોરે 4 વાગ્યા સુધી ખુલ્લું
- ગુરુવાર, ડિસેમ્બર 30, 2021 – સવારે 10 થી બપોરે 4 વાગ્યા સુધી ખુલ્લું
- શુક્રવાર, ડિસેમ્બર 31, 2021 – બપોર પછી બંધ
- શનિવાર, જાન્યુઆરી 1, 2022 – બંધ
- રવિવાર, જાન્યુઆરી 2, 2022 - બંધ
- સોમવાર, જાન્યુઆરી 3, 2022 - બંધ

આ શેલ્ટર મંગળવાર, જાન્યુઆરી 4, 2022 નાં રોજ નિયમિત ધંધાકીય કામકાજ માટે ફરીથી ખુલશે. શેલ્ટર ખુલ્લું હોય ત્યારે, તે માત્ર એપોઈન્ટમેન્ટથી કામકાજ કરે છે.

એનિમલ કંટ્રોલ યુનિટ ડિસેમ્બર 24 થી 28, 2021 અને જાન્યુઆરી 1 થી 3, 2022 સુધી સવારે 8 થી સાંજે 6:30 વાગ્યા સુધી રોડ પર કાર્યરત રહેશે. એનિમલ કંટ્રોલ યુનિટ ડિસેમ્બર 29 અને 30, 2021 નાં રોજ સવારે 7 થી રાત્રે 10 વાગ્યા સુધી રોડ પર કાર્યરત રહેશે. આ સિવાયના સમયે, એનિમલ કંટ્રોલ માત્ર ઈમરજન્સીમાં પ્રતિભાવ આપશે.

એનિમલ કંટ્રોલ હાલમાં નીચે જણાવ્યા પ્રમાણે મળેલા કૉલ્સનો જવાબ આપે છે:

- માંદા/ઈજા પામેલા/આક્રમક ઘરેલું પ્રાણીઓ અને વન્ય જીવોને લઈ જવા
- આક્રમક પ્રાણી
- દોડીને ભાગતા કૂતરા
- કૂતરું કરડવાની તપાસ
- બંધિયાર રખડતું કૂતરું લઈ જવું
- મરેલું પ્રાણી લઈ જવું

**રજાઓ માટે પીલ પબ્લિક હેલ્થના રિમાઈન્ડર્સ**

રસીકરણ કામગીરી ચાલુ છે અને ચિંતાકીય વેરિઅન્ટ્સ આપણાં સમુદાયમાં પ્રસરી રહ્યાં છે ત્યારે, COVID-19 સામે જાહેર આરોગ્ય ઉપાયો આપણાં શ્રેષ્ઠ બચાવમાં રહે તે યાદ રાખવું મહત્વનું છે. પીલમાં તમારી COVID-19 વેક્સિન મેળવવા બુકિંગ કેવી રીતે અને ક્યાં કરાવવું તે અંગે વધુ માહિતી વેબસાઈટ પરથી મેળવો: https://www.peelregion.ca/coronavirus/vaccine/.

આગામી રજાઓ દરમિયાન પ્રોવિન્સની માર્ગરેખાઓ અનુસરીને એકબીજાની સંભાળ લેશો જે પ્રોવિન્સના રિઓપન કરવાના રોડમેપનું પગલું ત્રણમાં જણાવ્યા છે.

હંમેશની જેમ, કૃપા કરી નીચેની બાબતો યાદ રાખશો:

- ઘરે રહો અને ટેસ્ટ કરાવો જો તમે બીમારી અનુભવો
- કોઈની સાથે ભેગા થવાનું સીમિત રાખો
- અન્ય વ્યક્તિથી 2 મીટર દૂર રહો
- તમારા હાથ ધોતા રહો
- ચુસ્ત બંધબેસતો માસ્ક પહેરો
- રસીકરણ કરાવો

-30-

**સીટી ઓફ બ્રેમ્પટન મીડિયા સંપર્ક**
પ્રભજોત કૈંથ (Prabhjot Kainth)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ (Coordinator, Media & Community Engagement)
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન (Strategic Communication)
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca

**રીજીયન ઓફ પીલ મીડિયા સંપર્ક**
એશલી હૉકિન્સ (Ashleigh Hawkins)
કમ્યુનિકેશન્સ સ્પેશિયલિસ્ટ – જાહેર આરોગ્ય
રીજીયન ઓફ પીલ
416.818.4421 | ashleigh.hawkins@peelregion.ca